---

**રેગ્યુલર દાવા નંબર– ૧૬૫/૨૦૨૧ ના કામે આંક–૧૯૫ હેઠળ હુકમ**

---

(૧) આ કામના પ્રતિવાદી નં.૧ દ્રારા સી.પી.સી ઓર્ડર ૧૬, રૂલ–૬ ના હેડીંગ નીચે હાલની અરજી રજુ કરી એવી રજુઆત કરવામાં આવેલી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ એ આંક–૧૮ થી રજુ પોતાના વાંધા જવાબમાં એવો સ્પષ્ટ બચાવ લીધેલો છે કે, પ્રતિવાદી નં.૧ એ વિવાદીત બાંધકામ વર્ષ ૨૦૧૬ માં શરૂ કરેલ છે અને સ્થળ પર જે વિવાદીત બાંધકામ ઉભુ છે તે વર્ષ ૨૦૧૭ ના અંત સુધીમાં થયેલુ બાંધકામ છે. તેઓ દ્રારા વધુમાં રજુઆત થયેલ છે કે, પ્રતિવાદી નં.૧ ના વાંધા જવાબના આધારે જે મુદા ઘડવામાં આવેલા છે તેમા પણ સમય મર્યાદા અંગેનો મુદો ઘડાયેલ છે અને તે મુદો પુરવાર કરવા માટે પ્રતિવાદી નં.૧ અરજીમાં દર્શાવેલા ''શ્રીજી સ્ટીલના પ્રોપ્રાઈટર'' ને તપાસવા માંગે છે, કારણ કે વાદગ્રસ્ત બાંધકામ માટે સિમેન્ટ તથા લોખંડની ખરીદી સદર પેઢી પાસેથી કરવામાં આવેલી હતી અને તેઓએ પોતાની પેઢીના બીલો આપેલા છે અને આ બીલો પ્રતિવાદી નં.૧એ પેમેન્ટ કરેલ છે. જેથી સમય મર્યાદાનો મુદો પુરવાર કરવા સદર સાક્ષીને તપાસવા આવશ્યક છે. પ્રતિવાદી નં.૧ દ્રારા વધુમાં રજુઆત કરવામાં આવેલ છે કે સદર સાક્ષી તપાસવામાં આવેતો તેની ઉલટ તપાસ કરવા માટે વાદી પક્ષ અને પ્રતિવાદી નં.૨ પક્ષ પાસે તક રહેલી છે, જેથી તેનાથી વાદી પક્ષને પ્રેઝ્યુડાઈસ થાય તેમ નથી. જે તમામ ધ્યાને લઈ પ્રતિવાદી નં.૧ ની હાલની અરજી મંજુર કરવા દાદ માંગેલી છે.

(૨) પ્રતિવાદી નં.૧ ની હાલની અરજી અંગે વાદી પક્ષ દ્રારા કોઈ લેખીત વાંધા રજુ કરવામાં આવેલા નથી, પરંતુ અરજીની સુનાવણી દરમ્યાન વાદીના વિ.વકીલશ્રી દ્રારા મૌખીક વાંધા લેવામાં આવેલા છે.

(૩)    પ્રતિવાદી નં.૧ એ પોતાની અરજીના સમર્થમાં કરેલી મૌખીક દલીલમાં એવી રજુઆત કરેલી છે કે, તેઓની અરજીના મથાળામાં શરત ચુકથી ઓર્ડર ૧૬ રૂ.૬ નો ઉલ્લેખ થયેલો છે, પરંતુ ખરેખર તેઓની અરજી સી.પી.સી ઓર્ડર ૧૬ રૂ.૧ (૨) અને રૂ.૧ (૩) નીચેની છે. જેથી તે જોગવાઈ ધ્યાને લેવા વિનંતી કરેલી છે. પ્રતિવાદી નં.૧ દ્રારા એવી મૌખીક રજુઆત કરવામાં આવેલી છે કે, સદર સાક્ષીનો ઉલ્લેખ તેઓ દ્રારા રજુ કરવામાં આવેલા સાક્ષી લીસ્ટમાં કરવામાં આવેલો નથી, પરંતુ સાક્ષી લીસ્ટમાં દર્શાવેલા ન હોય તેવા સાક્ષીને કોર્ટ તપાસીજ શકે નહી કે તપાસવા જોઈએજ નહી તેવી કાયદામાં કોઈ જોગવાઈ નથી, જે દલીલના સમર્થનમાં તેઓ દ્રારા નામદાર સર્વોચ્ચ અદાલત દ્રારા Ashok Sharma Vs. Ramadhar Sharma 2009 SCCR 195 ના ચુકાદા પર આધાર રાખેલો છે. પ્રતિવાદી પક્ષ દ્રારા વધુમાં દલીલ કરવામાં આવેલી છે કે, સદર સાક્ષીને તપાસવાથી વાદી પક્ષને કોઈ પ્રેઝયુડાઈસ નથી કારણ કે તેઓને ઉલટની તક પ્રાપ્ત થાય છે. તેઓ દ્રારા વધુમાં પોતાની અરજી મુજબની દલીલો કરવામાં આવેલી છે.

જયારે વાદી પક્ષ દ્રારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ દ્રારા હાલની અરજી તા.૨૦/૦૧/૨૨ ના રોજ રજુ કરવામાં આવ્યા બાદ હાલ સુધીમાં તે અરજીમાં સુધારો કરીને સદર અરજી સી.પી.સી ઓર્ડર ૧૬ રૂ.૧ (૨) કે (૩) હેઠળની હોવાની રજુઆત કરેલી નથી. જેથી વાદી પક્ષ દ્રારા માત્ર સી.પી.સી ઓર્ડર ૧૬ રૂ.૬ ની જોગવાઈનો અભ્યાસ કરવામાં આવ્યો છે અને જો પ્રતિવાદી પોતાની દલીલમાં સદર અરજી ઓર્ડર ૧૬ રૂ.૧ હેઠળની હોવાનું જણાવે અને કોર્ટ તેને માન્ય રાખે તો વાદી પક્ષને તે અનુસંધાને યોગ્ય રજુઆતની તક પ્રાપ્ત થતી નથી. વાદી પક્ષ દ્રારા વધુમાં વાંધા લેવામાં આવેલા છે કે, તેમ છતા સદર અરજી સી.પી.સી ઓર્ડર ૧૬, રૂ. ૧ (૩) નીચેની માનવામાં આવે તો પણ આ કામના પ્રતિવાદી નં.૧ એ હાલની અરજીમાં દર્શાવેલા સાક્ષીને કયા સંતોષકારક કારણોસર પોતાના સાક્ષીના લીસ્ટમાં દર્શાવેલા નહી તે અંગે પોતાની હાલની અરજીમાં કોઈ રજુઆત કરેલી નથી. તેઓ દ્રારા વધુમાં એવા

વાંધા લેવામાં આવેલા છે, જે સાક્ષીને પ્રતિવાદી નં.૧ દ્રારા પોતાના સાક્ષી લીસ્ટમાં દર્શાવવામાં આવેલ નથી, તે સાક્ષીને વાદીનો સંપુર્ણ પુરાવો પુરો થયા બાદ અને પ્રતિવાદી પક્ષના પણ બે સાક્ષીઓ તપાસી લીધા બાદ, અગાઉ નામ જાહેર નહી કરવાના પુરતા ખુલાસા સીવાય તપાસવામાં આવેતો વાદીને પ્રેઝયુડાઈસ થાય તેમ છે. તેમજ સદર સાક્ષીને માત્ર અધુરાશની પુર્તતા માટે સાક્ષી લીસ્ટમાં નામ ન હોવા છતા તપાસવા પરવાનગી આપી શકાય નહી. તેઓ દ્રારા વધુમાં વાંધા લેવામાં આવેલા છે કે, પ્રતિવાદી પક્ષ માત્ર કેસને લંબાવવા માટે સાક્ષી તપાસ રહેલા છે. વાદી પક્ષ દ્રારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, પ્રતિવાદી નં.૧ હાલના સાક્ષીના માધ્યમથી જે સીમેન્ટ લોખંડના બીલોનો પુરાવો આપવાની ઈચ્છા જાહેર કરી રહેલા છે, તે સીમેન્ટ લોખંડના બીલો દાવાની શરૂઆતથીજ પ્રતિવાદી નં.૧ પાસે ઉપલબ્ધ હોય, તેમ છતા આ કામના પ્રતિવાદી નં.૧ દ્રારા આવા બીલો હાલ સુધીમાં કયારે પણ રજુ કરેલા નથી, તેમજ પ્રતિવાદી નં.૧ ના પુરાવામાં પણ કોઈ સ્થળે આવા બીલોના અસ્તીત્વ અંગે કે રજુ કરવા માંગતા હોવા અંગે કોઈ રજુઆત કરેલી નથી, ત્યારે આવા બીલો રજુ કરવા પરવાનગી આપવી જોઈએ નહી. તેઓ દ્રારા વધુમાં દલીલ કરવામાં આવેલી છે કે, આવા બીલો રજુ પણ થાય તો પણ તે સીમેન્ટ અને લોખંડ હાલના વિવાદીત બાંધકામમાંજ ઉપયોગમાં લેવાયેલુ છે તેવુ સાબીત થઈ જાય નહી, જેથી આવો પુરાવો ઉપયોગી નથી.

વાદી પક્ષની દલીલ અંગે પ્રતિવાદી નં.૧ દ્રારા સ્પષ્ટતા કરતા દલીલ કરવામાં આવેલી છે કે, કોઈ અરજીના મથાળામાં કાયદાની ખોટી પ્રોવીઝન ટાંકવામાં આવેલી હોય કે ટાંકવામાં આવેલી ન હોય તેટલા માત્રથી અરજી રદ થઈ શકે નહી. તેઓ દ્રારા વધુમાં દલીલ થયેલી છે કે, સદર સીમેન્ટ અને લોખંડ વિવાદીત બાંધકામમાં વપરાયેલ છે કે કેમ તે સદર સાક્ષીનો પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ પર આવે અને તે આખરી દલીલનો વિષય હોય શકે અને હાલની અરજીના નિર્ણય માટે તે સીમેન્ટ−લોખંડ ઉપયોગમાં લેવાયેલ કે નહી લેવાયલ અંગે વિચાર થઈ શકે નહી.

પ્રતિવાદી નં.૨ પક્ષ દ્રારા કોઈ લેખીત કે મૌખીક વાંધા લેવામાં આવેલા નથી.

(૪) તમામ રજુઆતો અને કેસનું રેકર્ડ અને કાયદાની જોગવાઈ ઘ્યાને લીધી. કાયદાના સ્થાપીત સિધ્ધાંત મુજબ કોઈ પણ પક્ષકાર દ્રારા આપવામાં આવતી કોઈ અરજીમાં તે અરજી કાયદાની કઈ જોગવાઈ હેઠળ છે તે લખવુ ફરજીયાત નથી. તે સીવાય કોઈ અરજીમાં કાયદાની જોગવાઈ લખવામાં કોઈ ભુલ થયેલી હોય કે લખવામાં આવેલી ન હોય તેટલા કારણ માત્રથી અરજી રદ થઈ શકે નહી. પક્ષકાર દ્રારા રજુ કરવામાં આવેલી અરજી કાયદાની કઈ જોગવાઈ આર્કષીત કરે છે તે જોવાની ફરજ કોર્ટની છે. જે જોવા માટે કોર્ટે માત્ર અરજીનું મથાળુ નહી પરંતુ સંર્પુણ અરજી વંચાણે લેવાની હોય છે.

હાલના કેસમાં જોવામાં આવે તો સદર કેસ પ્રતિવાદી નં.૧ ના વધુ પુરાવાના સ્ટેજ પર છે. પ્રતિવાદી નં.૧ દ્રારા આંક–૭૧ થી પોતે પોતાના કેસ/બચાવના સમર્થનમાં કયા સાક્ષી તપાસવા માંગે છે તેનું લીસ્ટ રજુ કરેલ છે. જે લીસ્ટમાં હાલની અરજીમાં દર્શાવેલા સાક્ષીનો ઉલ્લેખ નથી. આવા સંજોગોમાં સી.પી.સી ની જોગવાઈ ઘ્યાને લેવામાં આવે તો સી.પી.સી ઓર્ડર ૧૬ રૂ.૧ (૩) માં એવી જોગવાઈ છે કે, The Court may, for reasons to be recorded, permit a party to call, whether by summoning through Court or otherwise, any witness, other than those whose names appears in the list referred to in sub-rule (1), **if such party shows sufficient cause for the omission to mention the name of such witness in the said list.** હાલના કેસમાં જોવામાં આવે તો, આ કામના પ્રતિવાદી નં.૧ દ્રારા આંક–૭૧ થી પોતાનું સાક્ષી લીસ્ટ રજુ કરવામાં આવેલ છે, પરંતુ તે સાક્ષી લીસ્ટમાં હાલના સાક્ષીના નામનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી. પરંતુ સાક્ષી લીસ્ટમાં નામ લખેલ નથી તેટલા

માત્રથી પ્રતિવાદી નં.૧ ને સાક્ષી તપાસવા ઈન્કાર કરી શકાય નહી. જો પ્રતિવાદી નં.૧ આવા સાક્ષીનું નામ લીસ્ટમાં નહી દર્શાવવા માટેનું પુરતુ કારણ દર્શાવે તો, તેવા કિસ્સામાં લીસ્ટમાં નામ આપેલ નહી હોવા છતા તેવા સાક્ષીને તપાસવા પરવાનગી આપી શકાય છે. પરંતુ હાલના કેસમાં હાલની અરજીમાં દર્શાવેલા સાક્ષીનું નામ કયા પુરતા કારણોસર સાક્ષી લીસ્ટમાં દર્શાવેલ ન હતુ તે અંગે પ્રતિવાદી નં.૧ દ્રારા હાલની અરજીમાં કોઈ પણ સ્પષ્ટતા કરવામાં આવેલી નથી. તેમજ દલીલમાં પણ કોઈ વાજબી કારણ દર્શાવવામાં આવેલ નથી. જેથી સી.પી.સી ઓર્ડર ૧૬ રૂ.૧ (૩) ની જોગવાઈનું પાલન થતુ નથી.

વધુમાં સદર સાક્ષીના માધ્યમથી પ્રતિવાદી નં.૧ જે દસ્તાવેજો રજુ કરવા અને પુરવાર કરવા માંગે છે તે, દસ્તાવેજો સીમેન્ટ–લોખંડના બીલ પ્રતિવાદી નં.૧ પક્ષ પાસે કથીત રીતે ૨૦૧૬–૧૭ થી હોય. પરંતુ તેમ છતા હાલનો દાવો દાખલ થયા બાદ આજ સુધી પ્રતિવાદી નં.૧ દ્રારા આવા કોઈ બીલો રજુ કરવામાં આવેલા નથી કે આવા બીલોના અસ્તીત્વ અંગે પોતાના પ્લીડીંગમાં કે પુરાવામાં પણ કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી. આમ, શરૂઆતથીજ આવા કથીત બીલોનું અસ્તીત્વી પ્રતિવાદી નં.૧ ની જાણમાં હોવા છતા પ્રતિવાદી પક્ષને વાદીનો પુરાવો પુરો થયો, પ્રતિવાદી નં.૧ ના બે સાક્ષી તપાસ્યા ત્યાં સુધી તે અંગે કોઈ શબ્દ ઉચ્ચારેલ નથી, ત્યારે હાલના તબકકે અગાઉની યોગ્ય સ્પષ્ટતા સીવાયના દસ્તાવેજો રજુ કરવા સાક્ષી તપાસવામાં આવેતો તે વાદી પક્ષને પ્રેઝયુડાઈસ થાય તેમ છે.

સી.પી.સી એક પ્રક્રીયાત્મક કાયદો છે, પરંતુ તેનું નિર્માણ અને ગોઠવણ એવા પ્રકારની છે કે, જેનાથી કોઈ પક્ષકારને પોતાનો કેસ પુરવાર કરવા કે બચાવ કરવા પ્રેઝયુડાઈસ ન થાય. જેથી સી.પી.સી ઓર્ડર–૧૬ રૂ.૧ માં પક્ષકારો માટે કયા તબકકે પોતાના સાક્ષીઓ જાહેર કરી દેવા તેની જોગવાઈ કરવામાં આવેલી છે. જેથી કરીને કોઈ પક્ષકાર પોતાના સાક્ષી–પુરાવા અયોગ્ય રીતે અંધારામાં રાખીને સામા

પક્ષને પ્રઝ્યુડાઈસ ન કરે. જેથી પુરતા કારણો સિવાય સી.પી.સી ની વ્યકત જોગવાઈને નઝર અંદાઝ કરી શકાય નહી. હાલના કેસમાં લીમીટેશનનો મુદો ઘડાયેલ છે તે હકીકત પ્રતિવાદી પક્ષ શરૂઆતથી જાણે છે, તે માટે કયા પુરાવા રજુ કરવા તેની તેમને માહીતી છે, ત્યારે પુરતા કારણો સીવાય સાક્ષી લીસ્ટમાં નામ જાહેર નહી કરેલા સાક્ષીને તપાસવા પરવાનગી આપવા લેશ માત્ર કારણ નથી. તે સીવાય આ કામના પ્રતિવાદી નં.૧ સ્વયં એક સીનીયર ધારાશાસ્ત્રી છે ત્યારે તેઓને તો પોતે કયો પુરાવો ધરાવે છે, કયા મુદા નિકળેલા છે, તે મુદા માટે કયો પુરાવો આવશ્યક છે તે હકીકત સાક્ષી લીસ્ટ આપતા સમયથી જાણમાંજ હોય, જે ધ્યાને લેતા પણ સદર સાક્ષી તપાસવા પરવાનગી આપવી ન્યાયીક નથી.

આમ, ઉપરોકત તમામ વિગતો ધ્યાને લેતા હાલની અરજી ખર્ચ સહીત **નામંજુર** કરવામાં આવે છે. પ્રતિવાદી નં.૧ ની હાલની અરજી બીન જરૂરી અને સમય વ્યય કરતી હોય, પ્રતિવાદી નં.૧ એ રૂ.૧૦૦૦/- ડી.એલ.એસ.એ જુનાગઢમાં જમા કરાવવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૯ મી જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

તારીખ:- ૨૯/૦૧/૨૨
સ્થળ :- જુનાગઢ

**(મિહિરદેવસિંહ ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
જુનાગઢ
જીજે ૦૦૮૦૯

**M.J.Zala**
Pri.S.C.J,Junagadh